# ટમટમતા દીવાઓથી આલોકિત અજાણ્યું વિશ્વ

મનોહર ત્રિવેદી

**પાર્વતીપ્રિય** પુત્રાય ગણેશાય નમોનમ :

દીકરા-દીકરી મારાં હોય કે બીજાનાં, કંકોતરીનું આલેખન કરું ત્યારે આ વંદન-વાક્ય, કોણ જાણે કેમ, મારે હોઠે આવીને બેસી જાય છે. કોઈ પણ સ્થળે બોલવાનું હોય કે કશું પણ લખવાનું હોય, આ અનુભવ સાતત્યપૂર્ણ રહે છે. અત્યારે લખું છું ત્યારેય એમ થયું ને તરત કવીશ્વર દલપતરામની પંક્તિઓ...

*જેનું કારજ જે કરે, બીજો કરે બગાડ*
*તાળું ઉઘાડી નવ શકે, કટકા કરે કુહાડ*

અમસ્થો જ આ દૂહો ન સાંભર્યો હોય. નિબંધલેખન માટે આવો ભાવ મારામાં અડિંગો જમાવીને બેઠો હોવો જોઈએ. થાય કે, હું કવિતાઓ તો લખું છું, પણ ગોદડીમાં ટાંકાટેભા લઈ સાચવેલાં ડોસીમાનાં મોતી ગમે ત્યારે ખપમાં આવ્યા વગર સંજવારીમાં ઓછાં ચાલ્યાં જાય? પ્રકૃતિને પોતાની ગોદમાં સીમ-વગડા, નદીતળાવ ને વાડીખેતરની ભૂમિએ જાળવી જાણ્યાં છે ને એ બધાંને મેં મારી કવિતાને પાથરણે હોંશભેર આવકાર્યાં છે. પશુપંખીને તેમ વૃક્ષવેલીઓ માટે ઝાંપલી ખુલ્લી રાખી છે. મનુષ્ય- ચેતનાને એની સ્થૂળ-સૂક્ષ્મ હલચલને, બોલચાલની બારીકીઓને, વિશિષ્ટતાભર્યા હાસ-પરિહાસને, સુખદુઃખ અને કારુણ્યને, જાતજાતની ને ભાતભાતની ઘટનાઓને મેં ઝીલ્યાં છે; એ સૌ પાત્રો રસાઈ-રસાઈને આકૃતિમાં ઢળે ને ચડે એમાં કલ્પનાનો આછોતરો ઢોળ, પામે ભાષાગત માવજત, ભભરાવું

થોડીઝાઝી સર્જકતા, તેવે વખતે શબ્દને વારતાનો દેહ અને આત્મા મળે છે. કિશોરવયનાં મારાં મુગ્ધ અનુભવો અને અનુભૂતિઓએ મને બાલગીતો ને કિશોરકથા તરફ વાળ્યો છે. કર્તવ્યભાવે કરીને આસ્વાદ ને સમીક્ષાઓના અઘરે કેડે ચડી જોયું છે; ખાડા-ખૈયામાં અટવાતો- ગૂંચવાતો લેખણને ટેકેટેકે ચાલીચાલીને હાંફ્યો છું. ‘નથી’ નામે લઘુનવલમાં મિત્ર જનક સાથે મોજભરી લટાર મારી લીધી છે. જુવાનીના પ્રાગડવાસ્યે વિદ્યાર્થીઓના સહયોગમાં નાટકો કર્યાં-કરાવ્યાં. દાંડિયારાસ-ગરબીમાં ઘૂમરીએ ચડી લીધું છે. ગ્રામજનોને એમાં જોડ્યાં છે. ઓતપ્રોત થવાનું આવું હાથવગું સાધન શક્તિમતિનિષ્ઠા થકી અજમાવી જોયું છે. સાથીસાહેબોની મનની ભીંતોમાં બાકોરાં પાડવાં તે ધારીએ એટલું ક્યાં સરળ હોય છે? પાડ્યાં છે ને માલીપાથી ખેંચી આણીને રસના વાટકા સામે ધર્યા છે, પછી મોજથી ઘૂંટ ભરતાંયે જોયા છે. હું લખતો એમ છોકરાંઓને વારતા-કવિતાની પાદપૂર્તિનાં હિસ્સેદાર બનાવ્યાં છે. એમાં આયાસ-અનાયાસની જે ભાત્ય પાડી છે તે પણ ક્યાં ઓછી ઉપલબ્ધિ છે?

આવું આવું થાય. ભૂંસાય. વિસરાય. એ જ ગબી ને એ જ મોઈ કાયમ થોડાં રહે? છૂટતું રહે આપમેળે. બદલાવ આવે- ઓસરે, સ્વયંને સરત ન રહે તે રીતે. એની તો મજા છે. ભૂગોળે શીખવેલી દસ દિશા ભલે, હશે. મન પાસે ગણી ગણાય નહીં એટલી, આંખ માંડો ને વણદેખી દિશાઓ ખૂલે. પાતાળપ્રવેશ કરાવી, રહસ્યોનાં તોતિંગ દરવાજા ઉઘાડી આપે, તો સામે ભળાય ટમટમતા દીવાથી આલોકિત અજાણ્યું વિશ્વ!

એ દિશા અર્થાત્, નિબંધ, બહુ ઝાઝો રસ નહોતો પડ્યો. ભણતો ત્યારે પણ નહીં. પરીક્ષા અને અભ્યાસક્રમનો ભાગ હોય તે, શિક્ષક બતાડે એવું લખતા. કેવા લખ્યા એ તો યાદ નથી. શિક્ષકો રાજી થતા એ યાદ છે. ભણાવવાનું આવ્યું ત્યારે ગાઇડથી ટેવાયેલા વિદ્યાર્થીઓને જુદો જ અનુભવ થયો. ઊફરા

ચાલીને તેમની ધારણા બહારના નિબંધ લખવા હું આપતો. બૉર્ડ પર મુદ્દાઓ લખતો, તેની ચર્ચા કરતો ને લેખનની કૂંચી તેમના હાથમાં સોંપી દેતો. થોડાં અકળાતાં, થોડાં મૂંઝાતાં, તો કોઈ કોઈ હરખાતાયે ખરા. ઈમાનદાર આળસુઓ વગર સમજ્યે હોશિયાર છોકરા- છોકરીઓનાં પગલામાં પગલું પરોવી નિરાંત અનુભવતા. નકલ કરવા પૂરતા તેઓને સ્વાશ્રયી ને ઉદ્યમી ગણવાં જોઈએ. ઓછું પણ આહ્લાદક પરિણામ મળતું. હું માત્ર ભણાવતો નહોતો, ભણતોયે હતો. વિદ્યાર્થીઓએ મને અભ્યાસરત રાખ્યો છે. તેમણે જ મને પૃથ્વી ને એવા છંદ તરફ વાળ્યો છે. હું શીખ્યો છું. નિબંધ સાથે ભાવભર્યો નાતો જોડી આપનાર તે પણ વર્ગનાં મારાં બાળકો જ.

નિબંધના વિષયમાં, પ્રારંભે છોકરાંઓના અનુભવજગત સાથે અનુસંધાન હોય તો એમાં તેમની નિજી મુદ્રા ઊપસે. ફાટેલા પુસ્તકની કે જોડાની, તૂટેલી ખુરશીની આત્મકથા, ચાંદની રાતે નૌકાવિહાર, હું જો વડાપ્રધાન હોઉં તો, શરદની એક સુંદર સાંજ વગેરે વિષયો અપાય, એમાં કશું ખોટું ભલે ન હોય, પરંતુ ગાઇડના તૈયાર ભાણે તૂટી પડવાનું. ગુરુ મહારાજ સીધી લીટીના માણસ, અમેય લખ્યું, અમારા ગુરુવર્યે લખીને ઉપાધિઓનાં છોગાં ગાઇડોની શુભાશિષથી મેળવેલાં, તે તમેય લખો! પરંપરાની પૂજા કરતાં રહો. આમાં વિદ્યાર્થીએ ભાગ્યે જ ઉતારા સિવાય, કંઈ કરવાનું. બાળકની કલ્પનાશક્તિને અહીં મોકળાશ જ નહીં. ગાઇડમાં આંટાફેરા કરે પણ મેં આપેલાં મથાળાં ગોત્યાં નો જડે. મારું ફળિયું, મારા ઘરની બારીમાંથી, હું તો બસ ફરવા આવ્યો છું, આપણો ઘડીક સંગ ઇત્યાદિ વિષયો એમને ઘડીભર પજવે. મેં આપેલા મુદ્દા અને એની વિસ્તીર્ણ રજૂઆત રાહત પણ આપે. મને સાંભરે છે, આ રીતની- નાવીન્યની-દીક્ષા તો મને મોટાભાઈ- પ્રતાપભાઈ-એ આપેલી : મારા પ્રિય નેતા : એસએસસીની પરીક્ષામાં તેમને એ નિબંધ મળેલો. : એમણે લખ્યો : મારા પ્રિય

નેતા શ્રીકૃષ્ણ : મને વરસો પહેલાં કહેલી વાત, કદાચ તેમને યે યાદ નહીં હોય. તરુણવયે આ સાંભળીને હું વિસ્ફારિત! મેં મારા વર્ગમાં એક વિષય સૂચવેલો : મારું ઘર : એક ચતુરે સૂચન વહેતું કર્યું : સાહેબ, અમે યે લખીએ ને તમેયે લખી લાવો; અમે ને તમે ક્યાં નોખા પડીએ છીએ તે પણ સમજાશે : આ પડકાર હતો કે પરીક્ષા? નહીં. નર્યું કુતૂહલ હતું એમાં. મેં કહ્યું : ભલે, ઐસા હો : સંભવતઃ એ મારો પ્રથમ નિબંધ. પછી એને મેં પાછળથી શીર્ષક આપ્યું : બે ઘર વચ્ચે- વર્ગમાં વાંચ્યો. સૌ ખુશ. વાત તો આટલી જ હતી, ઘરના ફળિયામાં વાડોલિયું. એમાં ઉછેરેલાં ફળફૂલનાં ઝાડ, વિવિધ શાકભાજીના છોડ. તે પછી, પંખી લોકનો ઉલ્લેખ. તમેય વાંચો :

આ લીલીકુંજાર મહેફિલમાં ચંડુલ, દેવચકલી, દૈયડ ને કાળિયાકોશીની જુગલબંદી, નિરાંતની ક્ષણોમાં માણતો રહું છું. કૉરસમાં હોય કાબર-કીર-કબૂતર. વહેલી સવારે પં. કાક ભટનો ભૈરવી સૌથી અલગ. પોતીકી બંદીશ, પોતીકો મિજાજ. એમના કંઠના કામણથી જ હંમેશાં મારે ત્યાં અતિથિઓ ખેંચાઈ આવતા હશે?:

મારી બાજુમાં ભાઈના મિત્ર જગદીશભાઈએ તરત જમીન ખરીદીને પોતાનું મકાન બનાવવાનું શરૂ કરેલું. મેં ફરતી દીવાલ કરવાનો પ્રારંભ કરેલો પણ અમારાં બે ઘર વચ્ચે, પ્લીંથ સુધી ચણ્યા પછી એ દીવાલ નહીં બનાવવાનો નિર્ણય કર્યો. નિબંધના છેડે આવતાં આમ લખાયું :

એક નબળી પળે બન્નેનાં ફળિયાં વચ્ચે દીવાલ ઊભી કરવાનું આછોતરું સૂચન થયું. એ વખતે મારાં ગોરજ, સમીપ ને જગદીશભાઈની મિત્તલ એના જોડીદારો સાથે જાંબુડી નીચે રમતાં હતાં. શી ધીંગામસ્તી ને શી ધબાધબી! જાંબુડીની ડાળીઓ અને એ સૌ એકાકાર બની ગયાં હતાં. કૃતિ-પ્રકૃતિ તદ્રૂપ. એ વખતે અહીં અમે વ્યાવહારિક સભાનતાથી જાતને જોતરી રહ્યા હતા.

પેલાં શિશુઓનાં ખડખડાટ હાસ્ય સાથે અમે પણ ઉમળકાભેર હસી લીધું.

વ્યાવહારિકતા બટકી પડી. ચર્ચા આગળ ચાલી જ નહીં. એ પછી પણ નહીં.

મેં મનોમન અનુકૂળ અર્થ તારવી લીધો –

જડતા તોડે છે, ચેતના જોડે છે.

હજી પણ અમારાં બે ઘર વચ્ચે દીવાલ નથી :

*(૨૧/૩/૮૯ / મં. ઘરવખરી પૃ.૭૮)*

એ કારણે વિદ્યાર્થીઓને મારા ગુરુ કહું છું. એમાં ગરવાઈ છે, સંકોચ નથી. આવું સૂચન ન થયું હોત તો હું નિબંધમાં કદીયે પ્રવૃત્ત ન થયો હોત. એમ દસેક લઘુનિબંધ લખાયા. જનક ત્રિવેદી ઢસાનો એ વખતે સ્ટેશન માસ્તર. હંમેશ રાતે તડાકા મારીએ. એ નિબંધનો આલેખક જ નહીં, ઊંડી સૂઝ અને સમજ પણ ખરી. એણે વાંચ્યા. કહે : હું ધારું તો પણ આવું લાઘવ મારા માટે શક્ય નથી. તું લખ. મજો પડે છે... કસોટીમાં પાસ. લખાયા. લખાતા રહ્યા, નિબંધ. 'ફૂલછાબ' રવિવારીય મધુવન પૂર્તિમાં એકાદ વરસ, 'ઘરવખરી' નામે કૉલમ ચલાવી. 'દર્શક'દાદા ઉપરછલ્લી નજર કરીને બાજુમાં મૂકી દેતા હશે. નિરાંતે વાંચે કારવે? ના જી. ઘેર આવ્યા ત્યારે ઊલટાના મારા લાછરા કાઢ્યાઃ 'તારી કવિતા, હમણાંથી સામયિકોમાં નથી જોતો. આ છાપાને રવાડે ક્યાં ચડ્યો? (પોતે, 'શીલ અને સમાજ' જન્મભૂમિપત્રોમાં પાછા નિયમિત લખે!) કવિતા લખવામાં સાતત્ય જળવાવું જોઈએ.': મારી આળસને યે આવા ટેકાની જરૂર હશે. મેં કહ્યું : 'તો નહીં લખું. મને મજા પડે છે તે.' : કશું બોલ્યા નહીં. ધૂણતા મસ્તકે સૂચવ્યું : ન લખવું.